# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-01-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Amit Shah VADNAGAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અનંત અનાદી વડનગર કાર્યક્રમ અંતર્ગત મ્યુઝીકલ મ્યુઝીયમનાં કાર્યોની સમીક્ષા બેઠકમાં હાજરી આપી હતી.  શ્રી શાહ પુરાતાત્વિક અનુભવાત્મક સંગ્રહાલયનું લોકાર્પણ સહિતનાં કાર્યક્રમોમાં ઉપસ્થિત છે. 298 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે તૈયાર કરવામાં આવેલું આ ચાર માળનું મ્યુઝિયમ લગભગ 12,500 ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે.

આ મ્યુઝિયમના મકાનમાં પુરાતત્વીય ખોદકામ દરમિયાન મળેલી 5000થી વધુ કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે, જે વડનગરના 2500 વર્ષના ઇતિહાસ અને તેના પ્રાચીન જ્ઞાનના ભંડારને ઉજાગર કરે છે.

કેન્દ્રીય ગૃહમંત્રી 72 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા ‘પ્રેરણા સંકુલ’ને રાષ્ટ્રને સમર્પિત કરશે. 1888માં સ્થાપિત થયેલા આ જ શાળામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. આ ઉપરાંત તેઓ 33 કરોડ 50 લાખ રૂપિયાનાં ખર્ચે બનેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ઉદઘાટન કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર બનેલી ફિલ્મનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ પણ ઉપસ્થિત છે.

શ્રી શાહ આજે બપોર પછી મહેસાણા ગાંધીનગર હાઇવે પર ગણપત યુનિવર્સિટીના 18મા દિક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ સાંજે અમદાવાદ વિમાનમથકે આંતરરાષ્ટ્રીય વિમાનમથકો પર ફાસ્ટ ટ્રેક ઇમિગ્રેશન ટ્રસ્ટેડ ટ્રાવેલર પ્રોગ્રામ- FTI-TTPનું ઉદઘાટન કરશે.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR START-UP

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી એટલે કે SSIPના બીજા તબક્કા અંતર્ગત ગાંધીનગર વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે નેશનલ સ્ટાર્ટ-અપ ડેની ઉજવણી કરવામાં આવી.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ 9થી 12ના વિદ્યાર્થીઓમાં નવીનીકરણ અને સ્ટાર્ટઅપ અંગે જાગૃતિ ફેલાવા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિધાથીર્ઓને ચેક વિતરણ કરવામાં આવ્યું હતું. આ અંગે શિક્ષણ મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોરે વધુમાં મુજબ જણાવ્યું કે...

**(બાઇટ --ડૉ. કુબેર ડિંડોર, શિક્ષણમંત્રી )**

. . . . . . . . . . . . .

# Consolation Center

રાજ્યના દરેક પોલીસ સ્ટેશનમાં સાંત્વના કેન્દ્ર શરૂ કરાશે. પોલીસ વડા વિકાસ સહાયે આ નિર્ણય લેતા પોલીસ સ્ટેશનમાં આવતા તમામ બાળકો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને સંવેદનશીલતા અને સહાનુભૂતિ સાથે સાંભળવામાં આવશે. તેમની મુશ્કેલીઓને સમજીને યોગ્ય કાઉન્સેલિંગ અને કાનૂની માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ કેન્દ્રોમાં વુમન હેલ્પ ડેસ્ક, ચાઇલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર, 181-અભયમ અને પોલીસ સ્ટેશન બેઇઝડ્ સપોર્ટ સેન્ટર જેવી વિવિધ સેવાઓ એક જ છત નીચે ઉપલબ્ધ બનશે.

ઉલ્લેખનીય છે કે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં આ કેન્દ્રો શરૂ કરવાથી પોલીસ અને નાગરિકો વચ્ચેનું અંતર ઘટશે અને બાળકો, મહિલાઓ અને સિનીયર સીટીઝનોની સેવામાં ગુજરાત પોલીસ પોતાનું વિશેષ યોગદાન આપી શકશે.

. . . . . . . . . . . . .

# MAHISAGAR KHATAR

મહીસાગર જિલ્લાના લુણાવાડામાં વહેલી સવારથી ખાતર ખરીદવા ખેડૂતો લાઇનમાં લાગ્યા હતા. લુણાવાડાના શહેરા દરવાજા પાસેના ખાતર વિતરણ ડેપો પર ખાતર લેવા માટે  લાઈનો લાગી હતી. શિયાળુ સિઝનમાં વાવેતર કરવામાં આવેલ ઘઉં, ચણા અને મકાઇના પાકમાં ખાતરની જરૂરિયાત હોઇ તેવા સમયે જિલ્લાના મોટા ભાગના કેન્દ્રો પર ખાતર ન હોવાના કારણે ખાતર લેવા માટે લોકોની પડાપડી જોવા મળી હતી.  આ અંગે મહીસાગર જિલ્લાના અમારા સંવાદદાતાએ વધુ માહિતી આપી હતી.

(વોઇસ કાસ્ટ : કૌશિક જોષી- સંવાદદાતા )

. . . . . . . . . . . . .

# MODASA ACCIDENT

મોડાસાના જીવણપુર પાસે દોરીથી ગળું કપાઈ જતા બાઈક ચાલકનું ઘટના સ્થળે મૃત્યુ થયું છે. ટીંટોઇ પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. શામળાજી તરફથી આવતા બાઈક ચાલકના ગળામાં દોરી ફસાતા ગંભીર ઇજાઓના કારણે યુવકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું છે.

. . . . . . . . . . . . .

# MAHISAGAR POLICE MEETING

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં જાતિના પ્રમાણપત્રની માંગને લઈ શિક્ષણનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. જે અંગે શાળાએ ન જતા બાળકોના વાલીઓ સાથે બાકોર પોલીસ દ્વારા બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકમાં અધિક પોલીસ અધિક્ષક વિવેક ભેડા દ્વારા વાલીઓને શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું અને બાળકોને શાળાએ મોકલવા અપીલ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે 19 જાન્યુઆરીએ આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં પોતાના વિચાર રજૂ કરશે. માસિક રૅડિયો કાર્યક્રમની આ **118**મી કડી હશે. આ કાર્યક્રમ માટે લોકો પોતાના વિચાર અને મંતવ્યો ટૉલ ફ્રી નંબર **1800-11-7800** પર મોકલી શકે છે. શ્રોતાઓ નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા તો માય જીઓવી ઑપન ફૉરમ પર પણ પોતાના વિચાર મોકલી શકશે. આ કડી માટેના વિચાર અને મંતવ્યો આવતીકાલ સુધી સ્વીકારવામાં આવશે.

'મન કી બાત' કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના તમામ નૅટવર્ક પર પ્રસારિત કરાશે. આ AIR ન્યૂઝ વૅબસાઈટ અને ન્યૂઝ ઑન AIR મૉબાઈલ ઍપ્લિકેશન પર પણ સાંભળી શકાશે. આ આકાશવાણી સમાચાર, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચૅનલ પર પણ ઉપલબ્ધ રહેશે. આકાશવાણી પર હિન્દી પ્રસારણ બાદ તરત જ 'મન કી બાત' કાર્યક્રમનું પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................